www.kamalamgujarat.com

Sunday
15.11.2020
*Volume :5 * Issue No. 91

Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ સરહદી વિસ્તારોમાં દેશના જવાનો સાથે દિવાળી ઉજવી

# ‘વિસ્તારવાદી દળો સામે ભારત એક પ્રબળ અવાજ બનીને ઉભરી આવ્યું છે:પ્રધાનમંત્રી

## જવાનો સાથે ઉજવણી કર્યા વગર મારી દિવાળી અધુરી છે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સશસ્ત્ર દળો સાથે દિવાળીની ઉજવણી કરવાની પોતાની પરંપરાને આગળ વધારી ભારતીય સરહદની લોંગેવાલા પોસ્ટ પર જઈને જવાનો સાથે દિવાળી ઉજવી હતી અને જવાનો સાથે વાર્તાલાપ કર્યો હતો તેમજ તેમને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે, તેમની દિવાળીની ઉજવણી ત્યારે જ પૂરી થાય છે જ્યારે તેઓ જવાનો સાથે ઉજવણી કરે, ભલે તેના માટે હિમાચ્છાદિત શિખરો પર કે પછી રણમાં જવું પડે. તેમણે સરહદે તૈનાત જવાનોને પ્રત્યેક ભારતીયો વતી દિવાળીની શુભેચ્છાઓ, આશીર્વાદ અને શુભકામનાઓ પહોંચાડ્યા હતા. તેમણે તમામ હિંમતવાન માતાઓ અને બહેનોને પણ શુભેચ્છા પાઠવી હતી અને તેમના બલિદાનને વંદન કર્યા હતા. પ્રધાનમંત્રીએ તમામ દેશવાસીઓ વતી સશસ્ત્ર દળો સમક્ષ કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી હતી અને કહ્યું હતુ કે ૧૩૦ કરોડ ભારતીય સશસ્ત્ર દળોની પડખે અડગ રીતે ઉભા છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, માત્ર એવો જ દેશ સુરક્ષિત છે જે હુમલાખોરો અને ઘુસણખોરોનો સામનો કરવાનું સામર્થ્ય ધરાવે છે. તેમણે કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સહયોગમાં ભલે ગમે તેટલી પ્રગતિ થાય અને સમીકરણોમાં પરિવર્તનો આવે તો પણ, આપણે એ વાત ક્યારેય ના ભૂલવી જોઈએ કે સતર્કતા એ દેશની સુરક્ષાની ચાવી છે અને સતર્કતા જ દેશની ખુશીઓનો આધાર છે, તેમજ તાકાત એ વિજયનો વિશ્વાસ છે. પ્રધાનમંત્રીએ જાહેર કર્યું હતું કે ભારતની નીતિ બહુ સ્પષ્ટ છે - આજનું ભારત પારસ્પરિક સમજણ અને સ્પષ્ટતામાં માને છે, પરંતુ જો કોઈ આપણી કસોટી કરવાની હિંમત કરશે તો તેમને જડબાતોડ જવાબ આપવામાં આવશે. તેમણે જાહેર કર્યું હતું કે, આજે, આખી દુનિયા જાણે છે કે આ દેશ પોતાના રાષ્ટ્રીય હિતો બાબતે ક્યાંય પણ બાંધછોડ નહીં કરે. ભારતની આ સ્થિતિ તેની બહાદુરી અને સામર્થ્યનું જ પરિણામ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સશસ્ત્ર દળો દ્વારા પૂરી પાડવામાં આવતી સુરક્ષાના કારણે ભારત આંતરરાષ્ટ્રીય મંચ પર બળપૂર્વક અગ્રેસર રહેવા માટે સમર્થ છે, ભારતની સૈન્ય શક્તિએ તેની વાટાઘાટોની શક્તિ વધારી છે. આજે ભારત ત્રાસવાદીઓના ઠેકાણાઓનો તેમના ઘરમાં ઘુસીને સફાયો કરે છે. તેમણે કહ્યું હતું કે, ભારત વિસ્તારવાદની વિચારધારા સામે એક પ્રબળ અવાજ તરીકે ઉભરી આવ્યું છે. આખી દુનિયા વિસ્તારવાદી તાકાતોના કારણે મુશ્કેલીમાં સપડાયેલી છે જે ૧૮મી સદીની વિચારધારાની માનસિકતા પ્રતિબિંબિત કરે છે. આત્મનિર્ભરતા અને ‘વોકલ ફોર લોકલ’ના આગ્રહનો ઉલ્લેખ કરતા

## ‘આજે ભારત ત્રાસવાદીઓના ઠેકાણાઓનો તેમના ઘરમાં ઘુસીને સફાયો કરી રહ્યું છે

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં દળો દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, ૧૦૦ હથિયારો અને એક્સેસરીની હવે પછી આયાત કરવામાં આવશે નહીં. વોકલ ફોર લોકલના માર્ગે મોરચો સંભાળવા બદલ તેમણે સશસ્ત્ર દળોને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મોદીએ સશસ્ત્ર દળોની જરૂરિયાતો પૂરી કરવા માટે શક્ય હોય એટલા વધુ સ્ટાર્ટઅપની શરૂઆત કરીને સશસ્ત્ર દળો માટે ઉત્પાદન કરવાનું દેશના યુવાનોને આહ્વાન કર્યું હતું. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, યુવાનોના નેતૃત્વ હેઠળ સંરક્ષણ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સના પ્રારંભથી દેશ આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સશસ્ત્ર દળોથી પ્રેરણા લઈને, દેશ મહામારીના સમયમાં દરેકે દરેક નાગરિકને બચાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. લોકો માટે ભોજન સુનિશ્ચિત કરવાની સાથે સાથે, દેશ અત્યારે અર્થતંત્રને ફરી પાટે ચડાવવાની દિશામાં પણ કામ કરી રહ્યો છે. પ્રધાનમંત્રી જવાનોને ત્રણ બાબતો ખાસ જણાવી હતી જેમાં સૌથી પહેલી વાત, આવિષ્કારને તેમના દૈનિક જીવનનો હિસ્સો બનાવવા માટે કહ્યું હતું.

બીજું, યોગને તેમના દૈનિક જીવનનો હિસ્સો બનાવવા કહ્યું હતું અને ત્રીજું, પોતાની માતૃભાષા, હિન્દી અને અંગ્રેજી ઉપરાંત ઓછામાં ઓછી અન્ય એક ભાષા શીખવા માટે કહ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું, આમ કરવાથી તમારા જીવનમાં નવી ઉર્જાનો સંચાર થશે. પ્રધાનમંત્રીએ લોંગેવાલા ખાતેના કિર્તીપૂર્ણ યુદ્ધની



## ‘જો કોઈ આપણી કસોટી કરવાની હિંમત કરશે તો, સામે જડબાતોડ જવાબ આપવામાં આવશે

વાતો યાદ કરી હતી અને કહ્યું હતું કે, વ્યૂહાત્મક આયોજન અને સૈન્યની બહાદુરીના વૃત્તાંતોમાં તે યુદ્ધને હંમેશા યાદ રાખવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, આ એવો સમય હતો જ્યારે પાકિસ્તાનનો ગંદો ચહેરો ઉઘાડો પડી ગયો હતો કારણ કે તેમનું સૈન્ય બાંગ્લાદેશના નિર્દોષ લોકો પર અત્યાચાર કરી રહ્યું હતું અને દીકરીઓ તેમજ બહેનો સાથે દુર્વ્યવહાર કરી રહ્યું હતું. પાકિસ્તાને વૈશ્વિક ધ્યાન બીજે દોરવા માટે પોતાની પશ્ચિમી સરહદો તો ખોલી દીધી હતી પરંતુ આપણા સૈન્ય દળોએ તેમને યોગ્ય જવાબ આપ્યો હતો.

## પ્રધાનમંત્રીએ દિવાળી નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દિવાળીના અવસરે લોકોને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે "બધા દેશવાસીઓને દિવાળીની હાર્દિક મંગલકામનાઓ. સૌને દિવાળીની શુભકામનાઓ! આ તહેવાર વધુ તેજ અને સુખ આપે. બધા સમૃદ્ધ અને સ્વસ્થ રહે.’’



## કોરોના મહામારીની નાગચૂડથી મુક્ત થવા ભારતીય પરંપરાના અમૂલ્ય સૂત્રો જ આપણી ‘વેક્સિન




કમલમ દૈનિક,

‘તમસો મા જ્યોર્તિગમયલ્ની ઉક્તિ એ આપણા ઋષિઓનો જયઘોષ છે. પ્રકાશના મહાપર્વ દિવાળીની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે આપણે કોરોના મહામારીના અધંકારમાંથી દેશ-દુનિયાને મુક્ત કરી ઉજાસની નવદિશા તરફ દોરી જવા આપણી જ સંસ્કૃતિ-પરંપરાને અપનાવી આ મહામારીને મ્હાત આપી શકીએ છીએ. કોરોના મહામારીની નાગચૂડથી મુક્ત થવા ભારતીય પરંપરાના અમૂલ્ય સૂત્રો જ આપણી ‘વેક્સિન છે.

બે હાથ જોડી દૂરથી કરીએ નમસ્કાર : હજારો વર્ષોથી ભારતીય પરંપરા રહી છે હાથ જોડીને નમસ્કાર કરવાની. વળી નમસ્કાર દ્વારા આપણે એક સાથે અનેક લોકોને છેટે રહીને જ અભિવાદન કરી શકીએ છીએ. કોરોનાના સમયમાં તો આખું વિશ્વ આ પરંપરાને અપનાવી રહ્યું છે ત્યારે આપણે ઉત્સવના ઉમંગમાં પણ આ સ્વસ્થ પરંપરાને જાળવીએ. દિવાળીના તહેવારોમાં નજીકના સંબધીઓને મળવાનું થાય છે, જૂનાં મિત્રો સાથે મુલાકાત ગોઠવાય છે. ત્યારે આપણે હાથ મેળવીને મળવાની પાશ્ચાત્ય ઢબને છોડીને નમસ્કાર કરીએ. કોરોના વાયરસનું સંક્રમણ અતિતીવ્ર ઝડપે થતું હોય હાથ મીલાવવા, ગળે મળવું એ મહામારીના સમયમાં ખૂબ જ જોખમકારક છે તે સમજીએ.

ફટાકડા ફોડવાને સ્થાને દિપ પ્રગટાવીએ : એક નાનકડા દિવડાનો પ્રકાશ ભલે થોડોક હોય પણ બહુ દૂરથી જોઈ શકાય છે. દિપકના તેજનું આપણી સંસ્કૃતિમાં આગવું સ્થાન છે. સતત ઉચ્ચદિશામાં ગતિમાન જ્યોર્તિની જેમ આપણે ગમે તેવા તમસમાં પણ તેજ તરફ ગતિ કરતા રહેવાનું છે. કોરોના સંક્રમણથી લાખો લોકો સંક્રમિત થયાં છે અને સ્વસ્થ પણ થયાં છે. પરંતુ તેમના ફેફસાં હજુ પ્રદૂષણયુક્ત વાતાવરણનો સામનો કરવા જેટલા સક્ષમ નથી. ફટાકડા ન ફોડવાને આપણે આપણી નૈતિક ફરજ સમજી, તેનાથી દૂર રહી ઘરે ઘરે પ્રકાશ પાથરતાં દિવડાઓથી આ દિવાળીને ઝળહળતી કરીએ.

સ્વધર્મનું પાલન કરીએ : ભગવાન બુદ્ધે સ્વધર્મના પાલન બાબતે એક અદભૂત સૂત્ર આપ્યું છે. તેનો ગુજરાતીમાં કંઈક આમ અર્થ થાય છે. ‘બીજાના દોષ ન જુઓ, બીજાએ શું કરવું જોઈએ એ ના વિચારો, વર્તમાન પરિસ્થિતિમાં પોતાના કર્તવ્યનું પાલન કરવું એ જ સ્વધર્મ છે. અત્યારના કોરોના મહામારીના સમયમાં દેશ-દુનિયાને કોરોના મુક્ત કરવું એ જ આપણું મહત્વનું કર્તવ્ય છે. કોરોના બાબતે પાયાની સાવચેતીઓ જેવી કે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું, સાબુ કે સેનિટાઈઝરથી હાથ વારંવાર સાફ કરવા, ભીડથી દૂર રહેવું વગેરેનું પોતે પણ પાલન કરીએ અને એમ કરીને બીજાને પણ તેમ કરવા પ્રેરીએ. નાગરિક તરીકેના સ્વધર્મને દ્રઢતાથી નિભાવીને જ કોરોનાને પરાસ્ત કરી શકીશું.

નૂતન વર્ષે સારી આદતો થકી સ્વસ્થ રહેવાનો નવસંકલ્પ લઈએ : સામાન્ય રીતે કોઈ નવા શુભસંકલ્પની શરૂઆત નૂતન વર્ષના આરંભે કરીએ છીએ. સ્વસ્થ રહેવા માટે યોગ-પ્રાણાયામ રામબાણ ઉપાય છે. આયુર્વેદના ઉપાયો આપણા વડીલો સારી રીતે જાણે છે. નવવર્ષે આપણે સ્વસ્થ રહેવા આપણી જ સંસ્કૃતિની અમૂલ્ય ધરોહર સમાન યોગ-પ્રાણાયામ અપનાવીએ. આયુર્વેદના સત્વને જાણીએ અને અપનાવીએ. અત્યારે તો સમગ્ર વિશ્વ ભારતીય સંસ્કૃતિના આ ખજાના તરફ વળી રહ્યું છે ત્યારે યોગ-પ્રાણાયામ-કસરતને દિનચર્યાનો ભાગ બનાવી નૂતન વર્ષે સ્વસ્થ રહેવાની આદતો કેળવીએ.

## પ્રધાનમંત્રી ૧૬ નવેમ્બરના રોજ જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સુરીશ્વર જી મહારાજની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ‘સ્ટેચ્યુ ઓફ પીસ નું અનાવરણ કરશે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સુરીશ્વર જી મહારાજની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ૧૬ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે વિડિયો કોન્ફરન્સ દ્વારા ‘સ્ટેચ્યુ ઓફ પીસલ્ નું અનાવરણ કરશે. શ્રી વિજય વલ્લભ સુરીશ્વરજી મહારાજ (૧૮૭૦-૧૯૫૪) ભગવાન મહાવીરના સંદેશાનો પ્રચાર કરવા નિઃસ્વાર્થ અને સમર્પિતપણે કામ કરતા જૈન સંત તરીકેનું જીવન જીવ્યા હતા. તેમણે જનતાના કલ્યાણ, શિક્ષણનો ફેલાવો, સામાજિક અનિષ્ટ નાબૂદી માટે સતત કાર્ય કર્યું, પ્રેરણાદાયી સાહિત્ય (કાવ્ય, નિબંધો, ભક્તિ સ્તોત્ર અને સ્તવન) લખ્યું અને સ્વતંત્રતા ચળવળ અને સ્વદેશીની ચળવળમાં સક્રિય સમર્થન આપ્યું. તેમની પ્રેરણાથી કોલેજો, શાળાઓ અને અધ્યયન કેન્દ્રો સહિત વિખ્યાત ૫૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ વિવિધ રાજ્યોમાં કાર્યરત છે. તેમના સન્માનમાં મૂકેલી મૂર્તિનું નામ ‘સ્ટેચ્યુ ઓફ પીસલ્ રાખવામાં આવ્યું છે. ૧૫૧ ઈંચની ઊંચી પ્રતિમા અષ્ટધાતુ એટલે કે ૮ ધાતુથી બનાવવામાં આવી છે, જેમાં તાંબુ મુખ્ય ઘટક છે અને રાજસ્થાનના પાલીમાં જેતપુરના વિજય વલ્લભ સાધના કેન્દ્રમાં સ્થાપિત કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રીએ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું," દેશના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુને તેમની જન્મજયંતિ નિમિત્તે વિનમ્ર શ્રદ્ધાંજલિ."

# સાંસદ વિનોદ ચાવડાએ સરહદના સંત્રીઓ સાથે દિપોત્સવીની કરી ઉજવણી

## ભુજ ખાતે બીએસએફ ૧૦૮ બટાલિયન મધ્યે યોજાયો કાર્યક્રમ





કમલમ દૈનિક, ભુજ

કચ્છ – મોરબી લોકસભા મત વિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડાએ દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપોત્સવી પર્વની સરહદના સંત્રીઓ સાથે ઉજવણી કરી સુરક્ષા જવાનોને મીઠાઈ આપી હતી.ભુજના મુન્દ્રા રોડ સ્થિત બીએસએફ ૧૦૮ બટાલિયન મધ્યે સાંસદ વિનોદભાઈ ચાવડાએ બીએસએફ જવાન – અધિકારીઓને દિપોત્સવી તેમજ નૂતન વર્ષ નિમિત્તે મિઠાઈ વિતરીત કરી તહેવાની ઉજવણી કરી હતી. વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, તહેવારોની ઉજવણી લોકો પોતાના પરિવારજનો સાથે કરતા હોય છે, પરંતુ સુરક્ષા જવાનો પોતાના પરિવારજનોથી દૂર રહી મા-ભોમની રક્ષા કરી તહેવારો ઉજવતા હોય છે. બીએસએફના જવાનોને પોતાના પરિવારજનોની ખોટ સાલે નહીં તે માટે તેઓની સાથે દિપોત્સવી પર્વની ઉજવણી કરી સુરક્ષા જવાનોની કામગીરીને બિરદાવવામાં આવી હતી. આ વેળાએ ભુજના પૂર્વ નગરપતિ અશોકભાઈ હાથી, બીએસએફના ઉચ્ચ અધિકારી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુવાનો સોશ્યલ મિડીયાના બદલે સોશ્યલ વર્ક કરી શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કરે – કલેક્ટરશ્રી આનંદ પટેલ

## પાલનપુર મુકામે કલેક્ટરશ્રી આનંદ પટેલના હસ્તે ગરીબોને રાશન કીટ આપવાનો કાર્યક્રમ યોજાયો





કમલમ દૈનિક,

પાલનપુર મુકામે નૂતન જીવદયા ગ્રુપ દ્વારા આયોજીત કાર્યક્રમમાં કલેકટરશ્રી આનંદ પટેલના હસ્તે ગરીબોને રાશન કીટ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કલેકટરશ્રીએ આ ગ્રુપના યુવાનોને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, નાના પાયાથી આ યુવાનોએ ખુબ સરસ સેવાનું કામ શરૂ કર્યુ છે. કલેકટરશ્રીએ દિવાળીની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, આપણી યુવાની લોકોની મુશ્કેલીઓ શોધી તેનો ઉકેલ લાવવામાં ખર્ચાય તો સમાજને ચોક્કસ ફાયદો થશે. તેમણે કહ્યું કે યુવાનો સોશ્યલ મિડીયાના બદલે સોશ્યલ વર્ક કરી શક્તિશાળી રાષ્ટ્રય નિર્માણના સહભાગી બને. કલેકટરશ્રીએ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર જેવા મહામાનવોના જીવનમાંથી પ્રેરણા મેળવી સેવા કાર્યો કરી આગળ વધવા યુવાનોને જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, શિક્ષણથી સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થતું હોય છે ત્યારે સારા નાગરિકો પેદા કરવા સંસ્કારયુક્ત શિક્ષણ અનિવાર્યપણે જરૂરી છે. કલેકટરશ્રીએ કહ્યું કે, કોરોના સંક્રમણથી રક્ષણ મેળવવા માસ્ક, સેનેટાઈઝેશનનો ઉપયોગ કરવા સહિત વાંરવાર હાથ ધોવા સહિતની કાળજી રાખવી ખુબ જરૂરી છે. પાલનપુરના સેવાભાવી તબીબ શ્રી ડૉ. સુરેન્દ્ર ગુપ્તાથએ નૂતન જીવદયા ગ્રુપના યુવાનોની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમમાં ગ્રુપના પ્રમુખશ્રી મયુરભાઈ બારોટ, મામલતદારશ્રીકમલભાઈ ચૌધરી અને શ્રી એલ. ડી. પરમાર, સી.બી.ગાંધી નૂતન હાઈસ્કુલના આચાર્યા શ્રીમતી અલકાબેન શાહ, અગ્રણીશ્રી છોટુભાઈ મોઢ સહિત નૂતન જીવાદયા ગ્રુપના સભ્યો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# અમદાવાદ – હાવડા સુપરફાસ્ટ સ્પેશ્યલ ૧૬ નવેમ્બરે ચલાવવામા આવશે



કમલમ દૈનિક,

પશ્ચિમ રેલ્વે દ્વારા અતિરિક્ત યાત્રીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને, અમદાવાદ અને હાવડા વચ્ચે (એક ટ્રીપ) સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૦૯૪૮૧ અમદાવાદ - હાવડા સુપર ફાસ્ટ સ્પેશ્યલ (એક ટ્રીપ) ટ્રેન નંબર ૦૯૪૮૧ અમદાવાદ - હાવડા સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૬ નવેમ્બર ૨૦૨૦ (સોમવાર) ના રોજ ૧૭: ૧૫ વાગ્યે અમદાવાદથી ઉપડશે અને ત્રીજા દિવસે (બુધવારે) સવારે ૦૩:૩૫ વાગ્યે હાવડા પહોંચશે. આ ટ્રેન આણંદ, વડોદરા, સુરત, નંદુરબાર, ભુસાવલ, અકોલા, બડનેરા, નાગપુર, ગોંડીયા જ., રાજ નંદગાંવ, દુર્ગ, રાયપુર, ભાટાપરા, બિલાસપુર, ચંપા, રાયગઢ, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર, ટાટાનગર અને ખડકપુર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસના રિઝર્વ કોચ રહશે. આ ટ્રેન સંપૂર્ણ રીતે આરક્ષિત રહેશે. યાત્રીઓને અનુરોધ છે કે ભારત સરકાર દ્વારા નિર્ધારિત પ્રોટોકોલનું પાલન કરવા, નિર્ધારિત સમયના દોઢ કલાક પહેલાં સ્ટેશન પર પહોંચવા, માસ્ક લગાવવા અને સામાજિક અંતર રાખવા વિનંતી છે. ટ્રેન નંબર ૦૯૪૮૧ નું બુકિંગ સુનિશ્ચિત **PRS** કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ૧૫ નવેમ્બર, ૨૦૨૦ થી શરૂ થશે.

૧૪ નવેમ્બર– 'ચિલ્ડ્રન્સ ડે

# કિડની ફેલ્યોર ધરાવતા માસૂમ ધનેશે અનેરા જુસ્સા અને દ્રઢ સંકલ્પથી મોતને હંફાવી નવજીવન પ્રાપ્ત કર્યું

## શરીરમાં ફીટ કરાયેલા ફિસ્યુલાના રણકાર માટે ધનેશ કહેતો કે "આ તો મારો પર્સનલ મોબાઈલ છે જે અંદર વાગે છે"



## એક બાળકની સંકલ્પશક્તિ તેમજ ગુજરાતની સંવેદનશીલ સરકારની બાળકોની સ્વસ્થતા–સુખાકારી પ્રત્યેની પ્રતિબદ્ધતાને ચરિતાર્થ કરતો કિસ્સો


## IKDRCના તબીબોએ અનેક તકનિકી અવરોધોને ઓળંગીને ધનેશનું ૮ મહિના સુધી ડાયાલિસિસ, અને બાદમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યું : હવે ધનેશ પણ અન્ય બાળકોની જેમ કોઈ પણ પીડા વગર રમી અને અભ્યાસ કરી શકે છે

કમલમ દૈનિક,

એક નાનું બાળક પણ પોતાના જુસ્સા અને અદમ્ય ઉત્સાહથી મોતને પણ હંફાવી શકે છે તેનું ઉત્તમ દ્દષ્ટાંત સ્થાપિત કરે તેવી એક ઘટનામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસિઝિસ ઍન્ડ રિસર્ચ સેન્ટર – **IKDRC**માં જોવા મળી હતી. સુરતના ૬ વર્ષના બાળક ધનેશની બંને કિડની ફેઈલ થઈ ગઈ હતી. અદમ્ય જુસ્સા અને દ્રઢ સંકલ્પ સાથે ધનેશે આઠ મહિનાસુધીઅતિવિકટડાયાલિસિસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટેશનનો સામનો કરી મોતને હંફાવી દીધું હતુ અને હવે નવજીવન પ્રાપ્ત કર્યુ છે. એક ગરીબ પરિવાર માટે પોતાના બાળકની આવી જટિલ સારવાર કરાવવી ખુબ જ કપરું હોય છે, ત્યારે ગુજરાતની સંવેદનશીલ સરકારની બાળ આરોગ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે આ ગરીબ પરિવાર પોતાના બાળકનો સારો ઈલાજ કરાવી શક્યો છે. સાથે સાથે **IKDRC**ના તબીબોએ પણ ખુબ જ ચીવટ અને તજજ્ઞતા સાથે આ બાળકને ફરી હસતો રમતો કરીને વધુ એકવાર પોતાના નૉબૅલ પ્રોફેશનને ઉચ્ચ ગૌરવ પ્રદાન કર્યું છે. નાની વયના બાળકોમાં ડાયાલિસિસ અતિ મુશ્કેલ ગણાય છે, તેમ છતાં **IKDRC**ના તજજ્ઞ તબીબોએ આ પડકાર આબાદ ઝીલ્યો અને બાદમાં આ બાળકમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરીને તેને હસતો ખેલતો કર્યો છે, જે ગુજરાતના સમગ્ર તબીબી જગત માટે ગૌરવરૂપ ઘટના છે. ધનેશને પોસ્ટીરિયર યુરેથ્રલ વાલ્વની જન્મજાત બિમારી હોવાના કારણે તેની કિડની ફેઈલ થઈ ગઈ હતી. જેના નિરાકરણ માટે ઓપરેશન તો હાથ ધરવામાં આવ્યુ પરંતુ ક્રોનિક ફેલ્યોર થઈ જતા તેને નિયમિત ડાયાલિસિસ પર રહેવાની ફરજ પડી. બાળકોમાં ડાયાલિસીસ અત્યંત ગંભીર માનવામાં આવે છે. ડાયાલિસિસ મશીનમાં લોહીના દબાણ (પ્રેશર) જેટલું જ શરીરમાંથી લોહીનું દબાણ સર્જાવવાની જરૂરિયાત અતિઆવશ્યક હોય છે. ધનેશના કિસ્સામાં તે નબળું પાસું હતું. પરંતુ કિડની હોસ્પિટલના તબીબોના જ્ઞાન અને ધનેશના જુસ્સા સામે કંઈપણ અશક્ય ન હતું. અમદાવાદ સિવિલ સંકુલની કિડની હોસ્પિટલમાં ધનેશની સારવાર શરૂ કરવામાં આવી. હોસ્પિટલના પિડિયાટ્રિક નેફ્રોલોજીસ્ટ વિભાગના ડૉ. કિન્નરી વાળા અને તેમની ટીમે ધનેશને ગમે તે ભોગે આ સમસ્યામાંથી ઉગારવા અને તેના જીવનમાં ઉલ્હાસના રંગો પુરવાનો દ્દઢ સંકલ્પ કર્યો. તબીબોની ટીમે પિડિયાટ્રીક નેફ્રોલોજીના સ્થાપિત ધોરણો મુજબ પૅરિટોનિયલ (પેટના ભાગમાં) ડાયાલિસિસ કરવાનું નક્કી કર્યું. આ ડાયાલિસિસ કર્યા બાદ બાળકને નિયમિત સમયસર પોષણયુક્ત આહાર મળી રહેવો ખૂબ જ આવશ્યક હતો. જો તે ન મળે તો બાળકને ચેપ લાગવાની પ્રબળ શક્યતાઓ રહેલી હોય છે. ધનેશના કિસ્સામાં આવું જ બન્યું. ગરીબ પરિવાર માટે દરરોજ કમાઈ ને દરરોજ ગુજરાન ચલાવવાની પરિસ્થિતિ હોય છે ત્યારે પોષણયુક્ત આહાર મેળવવો મુશકેલ હોય છે. તે કારણોસર જ ધનેશને કમનસીબે ચેપ લાગ્યો અને તેની જટિલતાને અટકાવવા કેથેટરને નીકાળવું પડ્યું. પરંતુ કેથેટર નીકાળ્યા બાદ પણ તબીબોની ટીમે પુખ્ત વયના લોકો માટે રચાયેલી પ્રક્રિયા હેમોડાયાલિસિસનો વિકલ્પ બાકી રાખ્યો હતો. ત્યારબાદ માનવસર્જિત કેથેટર દ્વારા ડાયાલિસિસ શરૂ કર્યુ. પરંતુ ૬ વર્ષીય બાળકમાં ડાયાલિસિસ કરવું ખૂબ જ પડકારજનક બની રહ્યું હતું. ડાયાલિસિસ મશીનમાં લોહીનું દબાણ (પ્રેશર) જેટલું જ શરીરમાંથી લોહીનું દબાણ સર્જાવાની જરૂરિયાત અતિઆવશ્યક હોય છે. ધનેશના કિસ્સામાં તે નબળું પાસું હતુ. જેના કારણે ધનેશને ફક્ત ૩ મહિના જ સામાન્ય ડાયાલિસિસ થઈ શક્યું. તેના કારણે કિડની હોસ્પિટલના તબીબો દ્વારા ફિસ્યુલા કરવામાં આવ્યું. ફિસ્યુલા એક પ્રકારની સર્જરી જ છે જેમાં બાળકના શરીરમાં એક યંત્ર કામચલાઉ ધોરણે ફીટ કરવામાં આવે છે, જેના થકી શરીરમાં ડાયાલિસિસ મશીનની જરૂરિયાત પ્રમાણે માફક આવે તેવી રીતે લોહીનું પ્રેશર બને છે. આ યંત્ર થકી ધનેશને ૮ મહિના સુધી ડાયાલિસિસ કરાવવામાં આવ્યુ. અત્રે ઉલ્લેખનીય છે કે બાળક ધનેશમાં મોતને હંફાવવાનો જુસ્સો પણ કાબિલેદાદ હતો. ફિસ્યુલા ધનેશના શરીરમાં ફીટ કરવામાં આવ્યુ ત્યારે તેના રણકારથી ધનેશ કહેતો કે "આ તો મારો પર્સનલ મોબાઈલ છે જે અંદર વાગે છે".ફિસ્યુલા થકી ધનેશનું ૮ મહિના સુધી ડાયાલિસીસ થતું રહ્યું તે દરમિયાન કિડની હોસ્પિટલ દ્વારા કાર્યરત કેડેવર પ્રોગ્રામમાં ધનેશને મેચ થાય તેવી કિડની દાતા મળી રહે તેવા લગાતાર પ્રયત્નો કરાતા રહ્યાં. અંતે આ પ્રયત્નો ફળ્યાં. ૮ મહિનાના ડાયાલિસીસ બાદ ગત વર્ષે નવેમ્બર મહિનામાં ધનેશનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. અંતે ડાયાલિસિસ પર રહેવાની ધનેશની જરૂરિયાતનો અંત આવ્યો. હવે આ ટ્રાન્સપ્લાન્ટ સફળ થયુ છે કે નહીં તેની આડઅસર તો નથી થઈ તે જોવાનું રહ્યું હતું, જે કારણોસર ધનેશને સમયાંતરે દેખરેખમાં રાખવામાં આવ્યો, તેનું ફોલોઅપ લેવામાં આવતું હતું. આજે એક વર્ષ બાદ ધનેશ સંપૂર્ણ સ્વસ્થ છે. સામાન્ય બાળકોની જેમ જ જીવન જીવી રહ્યો છે... રમી રહ્યો છે... ચિંતામુક્ત બની ભણી રહ્યો છે... અને પોતાના સ્વપ્નના શિખરો સર કરવા તૈયાર થઈ રહ્યો છે. "ગુજરાત સરકાર દ્વારા સંચાલિત શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત મહત્વપૂર્ણ અંગોની બિમારીઓવાળા દરેક બાળકને તેમની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના આઈકેડીઆરસી ખાતે વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે."- તેમ આઈકેડીઆરસીના નિયામક ડૉ. વિનીત મિશ્રાએ જણાવ્યું હતું.

૧૪મી નવેમ્બર વર્લ્ડ ડાયાબિટીસ ડે......

# ડાયાબિટીસ વિશે અખંડાનંદ આયુર્વેદ કોલેજના વૈદ્ય ડો. રામશુક્લા કહે છે કે.....




કમલમ દૈનિક,

દર વર્ષે ૧૪ નવેમ્બરે ફેડરિક બેનટીંગના જન્મદિવસને વર્લ્ડ ડાયાબિટીસ ડે તરીકે ઉજવીએ છીએ. વર્ષ ૧૯૨૨માં બે વૈજ્ઞાનિકોએ ઈન્સ્યુલિનની શોધ કરી હતી તેમાંના એક વૈજ્ઞાનિક ફેડરિક બેનટીંગ હતા.તેમની સ્મૃતિમાં વર્ષ ૧૯૯૧થી જન્મ શતાબ્દી એ **WHO (WORLD HEALTH ORGANISATION)** અનu **IDF(INTERNATINAL DIABETES FEDERATION)** દ્વારા વર્લ્ડ ડાયાબિટીસ ડે ઉજવવાનું શરૂ કર્યું જેનો હેતુ લોકો વચ્ચે ડાયાબિટીસ વિષે જાગૃતતા લાવવાનો છે.

ડાયાબિટીસ થવાના કારણો

ડાયાબિટીસ એ એક **lifestyle** ડીસઓર્ડર છે.જીવનશૈલીની અનિયમિતતાને કારણે થતો રોગ છે . ગુજરાત ના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આપણા રાજ્યમાં પણ ડાયાબિટીસના ઘણાં દર્દીઓ જોવા મળે છે. આપણે ગુજરાતીઓ ખાવાપીવાના શોખીન છીએ વિશેષ કરીને મધુર વસ્તુ ગુજરાતીઓની પ્રિય હોય છે ઉપરાંત ગુજરાતીઓ બિઝનેસ કોમ્યુનિટી તરીકે ઓળખાય છે એટલે કે વધુ પડતું કામ મગજ કરવાનું શારીરિક શ્રમ બહુ ઓછો કરે ઉપરાંત ધંધાકીય સ્ટ્રેસ પણ રહે પરિણામે ગુજરાતીઓમાં ડાયાબિટીસ નું પ્રમાણ ખૂબજ ઝડપી વધી રહ્યું છે.

ડાયાબિટીસના મુખ્ય લક્ષણો

વારંવાર મૂત્રપ્રવૃત્તિ થવી, વધુ ભૂખ લાગવી, વધુ પડતી તરસ લાગવી, વજન ઘટી જવું, થાક લાગવો, શરીરના કા મોડેથી રુજાવા વગેરે લક્ષણો જોવા મળે છે આ ઉપરાંત ડાયાબિટીસના કોમ્પ્લીકેશન્સ ઘણીવાર પ્રાણઘાતક નીવડી શકે છે.

નિદાન કરવા શું કરવું

જે કારણોસર વહેલી તકે ડાયાબિટીસની તપાસ કરાવી ખુબ જ જરૂરી બને છે જેમાં **fasting blood glucose** એટલે કે ભૂખ્યા પેટે લોહીમા સુગર ની તપાસ, **postprandial blood glucose** જમ્યા પછી લોહીમાં ગ્લુકોઝની તપાસ, **random blood sugar** જેવા લોહીના પરીક્ષણથી ડાયાબિટીસનું નિદાન કરી શકાય છે . ઉપરાંત **HBA1C** એટલે કે **glycosylated hemoglobin** જેવા પરીક્ષણથી ત્રણ માસની સરેરાશ **blood glucose** ની તપાસ પણ કરી શકાય છે.

ડાયાબિટીસના પ્રકારો

ડાયાબિટીસના મુખ્યત્વે બે પ્રકાર જોવા મળતા હોય છે જેમાં ટાઈપ પણ ડાયાબિટીસ એટલે કે ઈન્સ્યુલીન ડિપેન્ડન્ટ **diabetes mellitus** અને ટાઈપ ટુ ડાયાબિટીસના એટલે કે નોન **insulin dependent diabetes mellitus.**

આપણા શરીરમાં પેનક્રિયાસ નામનું અવયવો હોય છે કે જેમાંથી ઈન્સ્યુલિનનું અંતઃસ્ત્રાવ રિલીઝ થતો હોય છે આ ઈન્સ્યુલિન **blood glucose** ને કંટ્રોલમાં રાખતાં હોય છે, જે અવસ્થામાં ઈન્સ્યુલિનનું ઉત્પાદન ઓછું થઈ જાય તેને સામાન્ય રીતે આપણે ટાઈપ વન એટલે કે **iddm** તરીકે ઓળખીએ છીએ જ્યારે એવી અવસ્થા છે કે જેમાં ઈન્સ્યુલિનનું ઉત્પાદન તો યોગ્ય માત્રામાં થાય છે પરંતુ શરીરના સેલ્સ એટલે કે કોષ સાથે તે બરાબર જોડી નથી શકાતું તેને ંઑી ૨ એટલે કે નોન ઈન્સ્યુલીન ડિપેન્ડન્ટ **diabetes mellitus** તરીકે ઓળખવામાં આવે છે

આયુર્વેદ અને ડાયાબિટીસ

ડાયાબિટીસને આયુર્વેદમાં મધુમેહ રોગ તરીકે ઓળખાય છે જેનું મુખ્ય નિદાન આસ્ય સુખમ સ્વપ્ર સુખમ હાસ્ય એટલે બેઠાડું જીવનશૈલી પસંદ કરવાવાળા લોકો અને વધુ પડતી નિદ્રાનું સેવન કરવા વાળા લોકો ઉપરાંત જે લોકો દૂધ કે દૂધની બનાવટોનો, નવા ધાન્યનો, પિષ્ટ અન્ન એટલે કે મેંદા ની બનાવટો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે તેવા લોકોને આ મધુમેહ રોગ થાય છે.

આયુર્વેદમાં ડાયાબિટીસની એટલે કે મધુમેહની ચિકિત્સા જો વહેલી તકે શરૂ કરવામાં આવે તો તેને ચોક્કસપણે મટાડી શકાય છે.

ડાયાબિટીસમાં અસરકારક ઔષધો

આ મધુમેહને રોગમાં વિવિધ ઔષધો જેવાકે ગળો, આમળા, હળદળ, લીમડો, મેથી, કારેલા, શીલાજીત, વિજયસાર, ગોખરુ, ઉપરાંત ઔષધીયયોગો જેવા કે ચંદ્રપ્રભાવટી, મામેજવા ઘનવટી, ત્રિફળા ચૂર્ણ, રસાયન ચૂર્ણ, વસંતકુસુમાકર રસ જેવાં ઔષધો વૈદ્યની સલાહ અનુસાર લઈએ તો ડાયાબિટીસને ચોક્કસપણે મટાડી શકાય છે અથવા કાબૂમાં રાખી શકાય છે.

માત્ર ઔષધોથી જ ડાયાબિટીસ મટી જશે એવું નથી ડાયાબિટીસ એક લાઈફ સ્ટાઈલ ડિસીઝ છે મતલબ આપણી જીવનશૈલીમાં બદલાવ લાવો ખૂબ જ જરૂરી છે તેમાં દવાની સાથે તેટલું જ મહત્વ પરેજીનું પણ છે, કસરતનું પણ છે. તેથી ખોરાકમાં ઘઉની જગ્યાએ જઉ લેવા વધુ હિતાવહ છે, એક વર્ષ જૂના ચોખા ખાવાથી ડાયાબીટીસમાં ને કાબુમાં રાખી શકાય છે, કપાસિયા સનફલાવર કે **rice bran oil** ની જગ્યાએ જો સરસિયાનું તેલ અથવા તલનું તેલ લેવામાં આવે તો ડાયાબિટીસ ઉપર જલ્દીથી કાબૂ મેળવી શકાય છે.

ખોરાકમાં દૂધ કે દૂધની બનાવટ, ગોળ, મેંદાની વસ્તુઓ, નવું ધાન્ય વગેરેનો ત્યાગ કરવો હિતાવહ છે ઉપરાંત નિયમિત કસરત કરવી ખૂબ જરૂરી છે ડાયાબિટીસને મટાડવા માટે આયુર્વેદમાં કુવા ખોદવાનુ કહ્યુ છે અર્થાત ખૂબ જ પરિશ્રમ કરવો જરૂરી છે એટલે કે નિયમિત આપણે કસરત કરવી જોઈએ ઉપરાંત ઊંઘ પણ યોગ્ય પ્રમાણમાં લેવી ખૂબ જરૂરી છે, સ્ટ્રેસથી પણ ડાયાબિટીસ ઉપર કાબુ મેળવવો મુશ્કેલ હોય છે તેથી જેટલી બને તેટલી ચિંતા નો ત્યાગ કરવો જોઈએ તથા યોગ અને પ્રાણાયામ કરવા જોઈએ.

દર વર્ષે આપણે નવા વર્ષે કોઈક રિઝોલ્યુશન લેતા હોય છે તો આ દિવાળીના પર્વે આપણે ડાયાબિટીસને કાબુમા રાખવનુ રીઝોલ્યુશન લઈએ કે જેમાં આપણે સૌ નિયમિત ઓછામાં ઓછી દૈનિક ૩૦ મિનિટ કસરત કરવાનું રિઝોલ્યુશન લઈએ ખોરાક ઉપર કાબુ રાખવાનું રિઝોલ્યુશન લઈએ અને ખાસ કરીને નાના બાળકો કે જેઓ ને મોબાઈલ, ટીવી અને કોમ્પ્યુટર ની લત પડી ગઈ છે દિવસના કલાકો તેઓ મોબાઈલ પાછળ વ્યતીત કરે છે તો તેમને મોબાઈલ છોડાવી આઉટડોર એક્ટિવીટી ગેમ્સ માટે પ્રેરિત કરીએ. આપણે પણ દિવસમાં એક વાર લિફ્ટ ના વાપરીને પગથિયાનો ઉપયોગ કરીએ, વોકિંગ શરૂ કરીએ, જેથી આવનારા સમયમાં આપણે ડાયાબિટીસને વધતો અટકાવી શકીએ.

# બનાસકાંઠા કલેક્ટરશ્રી આનંદ પટેલની ઝુંબેશથી જિલ્લામાં ૧૦૨ અનાથ બાળકોને પાલક માતા–પિતા યોજનાનો લાભ મળ્યો

## પાલનપુર ચિલ્ડ્રન હોમ ખાતે કલેક્ટરશ્રીએ અનાથ બાળકોને ફટાકડા અને મીઠાઈ તથા યોજનાના હુકમોનું વિતરણ કર્યું



## પાલક માતા–પિતા યોજનાના અમલીકરણમાં બનાસકાંઠા જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને છે



કમલમ દૈનિક,

રાજય સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગતના નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની પાલક માતા- પિતા યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના જે બાળકના માતા- પિતા મૃત્યુ પામ્યા હોય અને બાળક અનાથ થઈ ગયું હોય તેવા બાળકને અથવા બાળકના પિતાશ્રી મૃત્યુ પામ્યા હોય અને બાળકની માતાએ બીજે પુન : લગ્ન કર્યા હોય અને બાળક અનાથ થઈ ગયું હોય ત્યારે આવુ બાળક તેના નજીકના સગા સબંધી પાસે રહીને અભ્યાસ કરતુ હોય તો આવા બાળકને પાલક માતા પિતા યોજના અંતર્ગત દર મહિને રૂ.૩૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજનાનો અસરકારક અમલ થાય અને અનાથ બાળકોના જીવનમાં ઉજાસ પાથરવાના આશયથી બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને તા. ૮ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ એક બેઠક યોજાઈ હતી. જેમાં અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે માટે ઝુંબેશ ચલાવવા જણાવાયું હતું. આ ઝુંબેશના ફળ સ્વરૂપે આજે જિલ્લાના ૧૦૨ અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ મળ્યો છે. પાલનપુરચિલ્ડ્રન હોમ ખાતે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં અનાથ બાળકોને ફટાકડા અને મીઠાઈ તથા પાલક માતા-પિતા યોજનાના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આપ્રસંગે કલેકટરશ્રી આનંદ પટેલે દિવાળીની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, નવરાત્રિ પર્વ નિમિત્તે માતૃશક્તિ આરાધનાના પ્રસંગે જિલ્લામાં ૩,૦૦૦ થી વધુ વિધવા બહેનોને વિધવા સહાયના હુકમ એનાયત કરવામાં આવ્યા હતાં. તેવી જ રીતે દિવાળીનું પ્રકાશનું પર્વ અનાથ બાળકોના જીવનમાં નવો પ્રકાશ લાવે તે માટે આજે ધનતેરશના પાવન દિવસે જિલ્લામાં વિવિધ જગ્યાએ ૧૦૨ અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. કલેકટરશ્રીએ કહ્યું કે, અનાથ બાળકોને ઉછેરી તેમનામાં સંસ્કાર અને શિક્ષણનું સિંચન કરનાર પાલક માતા-પિતાને હું નમન કરું છું. તેમણે કહ્યું કે, આ ઝુંબેશમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ, જિલ્લાના પ્રાથમિક,માધ્યમિક શિક્ષકો અને આંગણવાડી કાર્યકર તેમજ શિક્ષણના હોદ્દેદારો તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની સમગ્ર ટીમ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી આ ઝુંબેશમાં જોડાઈ માનવતાના આ મહાકાર્યને મહેકાવા માટે ફાળો આપ્યો છે તેમને અભિનંદન પાઠવું છું. આ યોજનાનો લાભ મેળવનાર બાળકો સારું શિક્ષણ મેળવી ભવિષ્યધમાં સમાજમાં મોભાદાર સ્થાન પ્રાપ્તઈ કરી શક્તિશાળી રાષ્ટ્ર નિર્માણના સહભાગી બને તેવી શુભેચ્છા તેમણે વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં પાલક માતા પિતા યોજનામાં કુલ- ૧૪૦૯ અનાથ બાળકો પાલક માતા-પિતા યોજનાનો લાભ લઈ રહ્યા છે. પાલક માતા-પિતા યોજનાના અમલીકરણમાં બનાસકાંઠા જિલ્લો સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાને છે.આ પ્રસંગેબાળ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી સુભાષભાઈ સોનેરી તથા તમામ સભ્યો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નરેન્દ્રસિંગ ચાવડા,નાયબ જિ. પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મુકેશભાઈચાવડા,મામલતદારશ્રીકમલભાઈ ચૌધરીઅનેશ્રીએલ.ડી.પરમાર,જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ.કે.જોષી,જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ડૉ. એન.વી. મેણાત,સંવેદનાટ્રસ્ટનાપ્રમુખશ્રીમતી શિલ્પાબેન વૈષ્ણવ સહિત સંબંધિત અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

